પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૬૪ | ૧૪ મે, ૨૦૧૮, સોમવાર ; વૈશાખ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ઉત્તર કોરિયા અણુ પરીક્ષણ સ્થળને નષ્ટ કરશે

**૨૩-૨૫ મે વચ્ચે પરમાણુ પરીક્ષણ સ્થળને નાશ કરાશે : ટ્રમ્પે ટ્વિટ કરીને કહ્યું, એક સ્માર્ટ અને સમજદારી ભર્યા નિર્ણય માટે આભાર!!**



પ્યોંગયોંગ,તા.૧૩

તાનશાહ કિમ જોંગે ઉત્તર કોરિયામાં તેમના અણુ પરીક્ષણ સ્થળને નષ્ટ કરવા માટે જાહેરાત કરી છે. સમાચાર એજન્સી અનુસાર ઉતર કોરિયા આ સ્થળેને ૨૩થી ૨૫ મે વચ્ચે દૂર કરવા માટે તકનિકી પગલાં લઈ રહ્યુ છે. દક્ષિણ કોરિયાએ આ નિર્ણયની પ્રશંસા કરી છે. દક્ષિણ કોરિયાની રાષ્ટ્રપતિ મૂન જે. ઈનના પ્રવક્તા કિમ યૂઈ-કીયોમે એક નિવેદનમાં જણાવ્યુ કે દક્ષિણ કોરિયાએ પ્યોંગયાંગને ૨૩-૨૫મે વચ્ચે, તેના પરમાણુ પરીક્ષણ સ્થળને નાશ કરવાના નિર્ણયનું સ્વાગત કર્યુ છે.

પ્રવક્તાએ વધુમાં જણાવ્યું હતું કે ઉત્તર કોરિયા વચનથી કે માત્ર શબ્દોથી નહીં પરંતુ વાસ્તવમાં તેને પૂરું કરવા પ્રતિબદ્ધ છે.

દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ મૂન જે-ઈન અને કિમ જોંગ કોરિયાની સિમાવતી ગામમાં ૨૭ મી એપ્રિલે મુલાકાત થઈ હતી. આ દરમિયાન જોંગ ઉનને મૂન જે-ઈન સાથે ઐતિહાસિક બેઠકમાં પરમાણુ સ્થળને બંધ કરવાનું વચન આપ્યું હતું. તો બીજી તરફ ટ્રમ્પે ટ્વીટ કરીને કહ્યું, એક સ્માર્ટ અને સમજદારી ભર્યા નિર્ણય માટે આભાર!

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### લતા મંગેશકરને સ્વર મૌલી એવોર્ડ

જાણીતા ગાયિકા લતા મંગેશકરને સ્વર મૌલી એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. આધ્યાત્મિકગુરૂ વૈદ્ય નરસિંહા ભારતી સ્વામીના હસ્તે આ એવોર્ડ અપાયો છે.

### ભારતીય લશ્કરો શસ્ત્રોનુ જાતે ઉત્પાદન કરશે

આયાત પર આધાર ઓછો કરવા ભારતીય સેનાએ યુદ્ધમાં વપરાતા શસ્ત્રો અને સાધનોનું દેશમાં જ ઉત્પાદન થાય એવો પ્રોજેક્ટ ઘડી કાઢ્યો છે. આ માટે ૧૫ હજાર કરોડના મેગા પ્રોજેક્ટને સરંક્ષણ વિભાગે મંજૂરી આપી હોવાના અહેવાલો છે.

### દિલ્હી આંધીથી ઘેરાયુ

ઉત્તરભારતમાં આવી રહેલા આંધી-તોફાનના સીલસીલામાં આ વખતે દિલ્હી ઘેરાયુ છે. દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં ભારે આંધી આવતા જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. મેટ્રો સર્વિસ સહિત અન્ય સેવાઓ પર તેની અસર જોવા મળી હતી.

### એર ઈન્ડિયાનો નફો ૨૦ ટકા વધ્યો

માર્ચ-એપ્રિલ દરમ્યાન એર ઈન્ડિયાના નફામાં ૨૦ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે. છેલ્લા કેટલાક સમયમાં એર ઈન્ડિયાના મેનેજમેન્ટમાં કરવામાં આવેલા ફેરફારોની અસર દેખાઈ રહી હોવાનુ અધિકારીઓ કહી રહ્યા છે.

## દલિત માટે મુખ્યપ્રધાન પદ છોડવા તૈયાર : સિદ્ધારમૈયા

બેંગ્લોર, તા. ૧૩

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીના પરિણામ આવવા આંડે ગણતરીના બે દિવસ બાકી રહ્યા છે ત્યારે રાજકીય સમીકરણો રચાઈ રહ્યા છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ નિવેદન કરતા કહ્યું છે કે, જો હાઈકમાન્ડ કોઈ દલિત નેતાને આ હોદ્દા ઉપર બેસાડવા ઈચ્છુક છે તો તેઓ મુખ્યમંત્રી પદને છોડવા માટે તૈયાર છે. આને કોંગ્રેસ તરફથી જેડીએસને મનાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવે છે. એમ માનવામાં આવે છે કે, જેડીએસને મનાવવાના પ્રયાસો શરૂ થઈ ગયા છે. જેડીએસ સિદ્ધારમૈયાના નામ ઉપર કોંગ્રેસને સમર્થન આપવા માટે તૈયાર નથી. ટીવી-૯ કન્નડના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, તેઓ કોઈ દલિત માટે મુખ્યમંત્રી પદ છોડવા માટે તૈયાર છે. હજુ સુધી કોંગ્રેસની જીતના દાવા કરી રહેલા સિદ્ધારમૈયાના આ નિવેદનને નબળા દેખાવની આશંકા સાથે જોડીને જોવામાં આવે છે. રાજનીતિના જાણકાર લોકોનું કહેવું છે કે, ગઠબંધનની સ્થિતિમાં કોંગ્રેસ પાર્ટી પોતે દલિત મુખ્યમંત્રી આપીને સમર્થન હાસલ કરવાના પ્રયાસો કરી શકે

● અનુસંધાન પાન-૭ પર




## કેજરીવાલની ભાજપ કાર્યકર્તાઓને ચેતવણી : ઔકાતમાં રહો

ન્યુ દિલ્હી,તા.૧૩

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને એક કાર્યક્રમ દરમિયાન ભાજપના કાર્યકર્તાઓને ધમકી આપતા કહ્યું હતું કે, મર્યાદામાં રહ્યો નહીંતર જૂતાંથી મારવામાં આપશે. અરવિંદ કેજરીવાલ દિલ્હીના બવાના વિધાનસભા વિસ્તારમાં સાત કોલોનીઓ માટે પીવાના પાણીની પાઈપલાઈનનું ઉદ્ઘાટન કરવા પહોંચ્યાં હતાં. અહીં ભાજપના કાર્યકર્તાઓ કાળા ઝંડા દેખાડતા કેજરીવાલ રોષે ભરાયા હતા અને ભાજપના કાર્યકર્તાઓને આ ચેતવણી આપી દીધી હતી. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ પહોંચી ગયાં હતાં. ભાજપના કાર્યકર્તાઓએ આરોપ લગાવ્યો હતો કે, અરવિંદ કેજરીવાલે કેજરીવાલે બવાના-નરેલા મેટ્રો લાઈનને બજેટ આપ્યું નથી. આ રેલવે લાઈન રદ કરી દેવામાં આવી છે. જેનાથી ગ્રામિણ વિસ્તારોને ભારે નુંકશાન થઈ રહ્યું છે. માટે કેજરીવાલનો વિરોધ કરી રહ્યાં છે. બવાનામાં પાણીની પાઈપલાઈનનું ઉદ્ઘાટન કરવા આવેલા કેજરીવાલ ભાષણ આપી રહ્યાં હતાં તે દરમિયાન ભાજપના કાર્યકર્તાઓએ કાળા ઝંડા દેખાડ્યા અને ભારે નારેબાજી શરૂ કરી દીધી. જેનાથી કેજરીવાલ રોષે ભરાયેલા ભરાયા હતા.

## કેરળમાં ચાર દિવસ વહેલા ચોમાસાનું આગમન થશે

**દેશમાં ૧૦૦ ટકા વરસાદ પડશે : હવામાન ખાતાની ચોમાસા દરમિયાન ૮૮૭ મિલિમીટર વરસાદની આગાહી**

ન્યુ દિલ્હી,તા.૧૩

ગુજરાતમાં ઉનાળો પોતાના મધ્યભાગમાં આવી ગયો છે ત્યારે દક્ષિણ ભારતમાં ચોમાસાના અણસાર સેવાઈ રહ્યા છે. દક્ષિણ પૂર્વ ચોમાસું આગામી દિવસોમાં આગમન થઈ જશે. હવામાન ખાતાની આગાહી પ્રમાણે આગામી ૨૮મેથી કેરળમાં ચોમાસાની શરૂઆત થઈ જશે. હવામાન આગાહી એજન્સી સ્કાયમેટે શનિવારે જણાવ્યું હતું કે, આ ચોમાસું તેની સામાન્ય શરૂઆતની તારીખથી ચાર દિવસ વહેલા છે. સામાન્ય રીતે કેરળમાં ચોમાસું બેસવાની સામાન્ય તારીખ પહેલી જૂન હોય છે. દેશમાં ચાલુ વર્ષે સારા વરસાદના સંકેત મળ્યા છે. દેશમાં ૧૦૦ ટકા વરસાદ પડશે, આ વર્ષે સાધારણ કરતા વધુ વરસાદ પડવાની સંભાવના છે. દુષ્કાળ પડવાની સંભાવના ઝીરો ટકા રહેશે.

બીજી તરફ અનમાન નિકોબાર ટાપુ ઉપર ૨૦ મેથી ચોમાસું બેસશે. જ્યારે શ્રીલંકા

● અનુસંધાન પાન-૭ પર




## આંધ્રમાં ભાજપની જવાબદારી કન્ના લક્ષ્મીનારાયણને સોંપાઈ

હેદરાબાદ, તા. ૧૩

ભારતીય જનતા પાર્ટીએ આંધ્રપ્રદેશમાં કન્ના લક્ષ્મીનારાયણને રાજ્ય એકમના અધ્યક્ષ તરીકે ચૂંટી કાઢ્યા છે. આ અંગેની માહિતી આંધ્રપ્રદેશ ભાજપના ઓફિશિયલ ટ્વિટર એકાઉન્ટ પર આપવામાં આવી છે. છેલ્લા મહિનામાં કન્ના લક્ષ્મીનારાયણ દ્વારા પાર્ટી છોડવાના અહેવાલો વચ્ચે વરિષ્ઠ ભાજપના નેતા સોમુ વીરરાજુ સહિત અન્ય નેતાઓએ તેમની સાથે વાતચીત કરી હતી. ભાજપના નેતાઓએ તેમની સાથે આશરે ૩૦ મિનિટ સુધી વાતચીત કરી હતી.

## ઉત્તરાખંડમાં આગામી પાંચ દિવસ ખરાબ હવામાનની આગાહી

દેહરાદુન, તા. ૧૩

ઉત્તરાખંડમાં આગામી પાંચ દિવસ સુધી ખરાબ હવામાન રહેવાની ચેતવણી જારી કરવામાં આવી છે. પ્રચંડ પવનની સાથે ભારે વરસાદ પણ થઈ શકે છે. કેટલીક જગ્યાઓએ ૧૫, ૧૬ અને ૧૭મી મેના દિવસે હળવો વરસાદ પડી શકે છે. છેલ્લા દિવસોમાં ઉત્તરાખંડની પહાડીઓ ઉપર ભારે હિમવર્ષા અને વરસાદના પરિણામ સ્વરુપે ચારધામની યાત્રા એક દિવસ માટે રોકી દેવામાં આવી હતી. અલબત્ત હવે ચારધામની યાત્રા ફરી શરૂ થઈ ચુકી છે પરંતુ હવામાન વિભાગ તરફથી કહેવામાં આવ્યું છે કે, ખરાબ હવામાનની સ્થિતિ ફરી ઉભી થઈ શકે છે. આગામી પાંચ દિવસ સુધી ચારધામની યાત્રા રોકવામાં આવી શકે છે.







